# કેરા એન્જિનિયરિંગ કોલેજને સુપર રિસોર્સ સેન્ટર મળ્યું

## આઇઆઇટી-મુંબઇ તરફથી એચજેડી કોલેજને બઢતી અપાઇ

ભાસ્કર ન્યૂઝ. ભુજ

ભુજ તાલુકાના કેરા સ્થિત એચજેડી એન્જિનિયરિંગ કોલેજને આઈઆઈટી-મુંબઈ તરફથી બઢતી આપવામાં આવતાં કોલેજને સુપર રિસોર્સ સેન્ટર પ્રાપ્ત થયું છે.

આઈઆઈટી-મુંબઈ સ્પોકન ટ્યૂરોરીયલ પ્રોજેક્ટ જીટીયુ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે, જેમાં દરેક એન્જિનિયરિંગ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમમાં આવતા સોફ્ટવેરનું નિઃશુલ્ક માર્ગદર્શન ઓડિયો-વીડિયો ટ્યૂરોરીયલ દ્વારા આપવામાં આવે છે. ઉપરાંત વિદ્યાર્થીઓને આઈઆઈટી-મુંબઈ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.

કેરાની એન્જિનિયરિંગ કોલેજની સારી કામગીરીને લીધે તેમાં રિસોર્સ સેન્ટરમાંથી સુપર રિસોર્સ સેન્ટરની બઢતી મુંબઈ આઈઆઈટી તરફથી આપવામાં આવી છે, જેથી નજીકના ભવિષ્યમાં વર્કશોપની સંખ્યામાં વધારા ઉપરાંત ગામડાઓની શાળાના વિદ્યાર્થીઓને કોલેજમાં તેમના અભ્યાસક્રમને અનુરૂપ સોફ્ટવેરનું ઓડિયો-વીડિયો ટ્યૂટોરીયલ્સ દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે.

સંસ્થાના ચેરમેન જગદીશ હાલાઈ, એડમિનિસ્ટ્રેટર હિરેન વ્યાસ, પ્રિન્સિપાલ ડો.રાજેશ પટેલ, વાઈસ પ્રિન્સિપાલ પ્રિતેશ માંકડે કોલેજની પ્રવૃત્તિ બિરદાવી હતી. ઓએસટીસી ક્લબનું સંચાલન સંયોજક પ્રોફેસર ચિંતન ઠક્કર અને સહસંયોજક પ્રોફેસર પ્રતીક પારેખ, આઈટીઆઈ-મુંબઈ સ્પોકન ટ્યૂરોરિયલ વિભાગના વડા મધુકાંત શ્રીવાસ્તવના માર્ગદર્શનમાં કરવામાં આવી રહ્યું છે.